ગાંધીનગર સમાચાર

શહેરને દબાણમુક્ત બનાવવા ૭મીથી અભિયાન

# જિલ્લામાં આજે મત ગણતરી : રાજકીય ઉત્તેજના

## ચારેય તાલુકા મથકો પર મતગણતરીનું કાર્ય હાથ ધરાશે : ૪૨૭ ઉમેદવારો મેદાનમાં હતા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી આજે ચારેય તાલુકામાં સવારે ૯ વાગ્યાથી શરૂ થશે અને બપોર એક વાગ્યા સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે. તંત્ર દ્વારા મતગણતરી અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતની ૨૯ બેઠક માટે ૧૬૮ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લા પંચાયતની દરેક બેઠકની ગણતરી બે થઈ ત્રણ રાઉન્ડમાં પુરી થઈ જાય તે રીતે આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત ઉપરાંત ત્રણ તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ૭૮ બેઠકો છે. જ્યારે બે નગરપાલિકાની ૭૨ બેઠકોની ચૂંટણી માટે ૨૯મી નવેમ્બરને રવિવારે મતદાન યોજાયું હતું.

જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૭૯૫ બુથ બનાવાયા હતા. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં મતગણતરી માટે ૧૪ ટેબલ રાખવામાં આવ્યા છે. કલોલમાં ૧૨ ટેબલ પર જિલ્લા પંચાયત અને ૧૨ ટેબલ પર તા. પંચાયતની મતગણતરી હાથ ધરવામાં આવશે.

દહેગામમાં મતગણતરી માટે ૭ ટેબલ રાખવામાં આવ્યા છે. જ્યારે માણસા તાલુકામાં ૧૦ ટેબલ મતગણતરી માટે રાખવામાં આવ્યા છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની મત ગણતરી એક સાથે શરૂ થશે. આ માટે કલોલ-માણસા અને દહેગામ ખાતે અલગ-અલગ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

દરમ્યાન આજે મતગણતરી માટે નિમાયેલા કર્મચારીઓને વધુ એક વખત તાલિમ આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર અને અધિક નિવાસી કલેક્ટર શ્રી વિજય કાલરિયાએ મતગણતરી સ્થળોની મુલાકાત પણ લીધી હતી અને કરાયેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી..

મતગણતરી સ્થળો પર પુરતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. આ ચૂંટણીમાં ભારે મતદાનને લઈ અને મતદારોના અકળ વલણને કારણે પરિણામ અંગે બન્ને પક્ષો પણ વિજયના સામ-સામા દાવા કરી રહ્યા છે. જો કે કેટલીક બેઠકોના પરિણામ ચોંકાવનારા હશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે.

જિલ્લામાં ગત ચૂંટણી કરતાં ૪ ટકા જેટલુ વધુ મતદાન નોંધાયુ છે તેમજ પાંચ ટકા જેટલા મતોનું સ્વીંગ થયુ હોય તેવું અનુમાન રાજકીય પંડિતો માની રહ્યા છે. જિલ્લા પંચાયતમાં વિસર્જીત પંચાયત કરતાં ત્રણ બેઠકો આ ચૂંટણીમાં વધી હોવાથી સીમાંકનમાં પણ ફેરફારો થતાં રાજકીય આગેવાનો વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતા નજરે પડે છે.

જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો પૈકી ૧૭ બેઠકો પર ૭૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર







ગાંધીનગર જિલ્લામાં તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાઇ હતી. આવતીકાલ તા. ૦૨ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની મતગણતરી થનાર છે. આજે ગાંધીનગરમાં આવેલી સેકટર ૧૫ સરકારી વાણિજય વિનિયન કોલેજ ખાતે યોજાનાર મતગણતરી કેન્દ્રની મુલાકાત રાજયના ચૂંટણી કમિશનર શ્રી વરેશ સિંહાએ લીધી હતી. તેઓશ્રીએ મતગણતરી કેન્દ્રની વ્યવસ્થાઓ અને સ્ટ્રોગ રૂમનું બારીકાયથી નિરીક્ષણ કર્યું હતું. આ -સંગે જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, નિવાસી અધિક કલેકટર શ્રી વી.જી.કાલરિયા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસથિત રહ્યાં હતાં.

# શહેરમાં શંકાસ્પદ ડેન્ગ્યુથી બે દર્દીના મોત

## સે.૨૮ના છાપરામાં તેમજ સે. ૧૩ના છાપરામાં આ બન્ને દર્દીઓ રહેતા હતા : તંત્ર ડિટેઈલ રિપોર્ટની રાહ જુવે છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં શંકાસ્પદ ડેન્ગ્યુથી બે દર્દીના મોત થવાને પગલે આરોગ્યતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જો કે તંત્ર આ બન્ને દર્દીઓના મૃત્યુ અંગેના રિપોર્ટની રાહ જોઈ રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૮ના છાપરામાં તથા સે. ૧૩ના છાપરામાં રહેતા બે દર્દીઓ શંકાસ્પદ ડેન્ગ્યુ અંગે અમદાવાદ સિવિલ ખાતે સારવારમાં હતા. જ્યાં આ બે દર્દીઓના મોત નીપજ્યા છે.

સે. ૧૩ના છાપરામાં રહેતા દર્દીનું મોત ગઈકાલે થયું છે. તંત્રવાહકો આ બન્ને દર્દીઓના મૃત્યુ અંગેના કારણો દર્શાવતી રિપોર્ટની રાહ જોઈ રહેલ છે. આ રિપોર્ટ મળ્યા પછી જ તંત્ર દ્વારા તેનું સમર્થન કરાશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં આ સિઝનમાં બે દર્દીઓના શંકાસ્પદ ડેન્ગ્યુથી મોત થવાને પગલે શહેરી આરોગ્યતંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળામાં ડેન્ગ્યુના દર્દીઓ વધુ નોંધાયા છે. જ્યારે મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. તંત્ર દ્વારા આ વખતે એન્ટીલારવેલની કામગીરી પણ સઘન કરવામાં આવી છે. જોકે શહેરના જાહેર સ્થાનો પરથી ડેન્ગ્યુના બ્રિડીંગ મોટી સંખ્યામાં મળતા તંત્રે આ વખેત જનજાગૃતિ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી હતી.

# જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો પ્રારંભ

## ગત વર્ષ કરતાં નવ હજાર બાળકો વધુ ચકાસવામાં આવશે : ૬૦ ટીમો બનાવાઈ : હૃદય, કિડની, કેન્સર અને થેલેસેમીયાની બિમારી ધરાવતા ૧૨૨ વિદ્યાર્થી ગત વર્ષે મળી આવ્યા હતા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં ભણતા ૩,૦૮,૦૦૦ બાળકોના આરોગ્યની ચકાસણીનો આરોગ્ય વિભાગનો અતિ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ આજથી હાથ ધરાયો છે.

ગત વર્ષની તુલનામાં ૯ હજાર જેટલા બાળકો આ વર્ષે વધુ તપાસવામાં આવશે. જિલ્લામાં ૨૦૯૦ જેટલી શાળાઓ અને આંગણવાડીના બાળકોને આ આરોગ્ય ચકાસણી હેઠળ આવરી લેવામાં આવશે.

૯૧ જેટલા તબીબી અધિકારીઓ સહિત ૭ હજાર જેટલા કર્મચારીઓ જિલ્લામાં આ ચકાસણી કાર્યક્રમમાં જોતરાશે. આ માટેની તમામ તાલિમ સહિતની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. આ કાર્યક્રમ ૫મી ફેબ્રુઆરી સુધી ચાલશે.

૧૪ નવેમ્બરને બાળદિનથી શરૂ થતો કાર્યક્રમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી તેમજ દિપાવલીના પર્વને લઈ નિયત સમય કરતાં મોડો શરૂ થઈ રહ્યો છે.

ગત વર્ષે તંત્રએ ૨,૯૯,૯૫૦ બાળકોના આરોગ્યની ચકાસણી કરી હતી. જેમાંથી હૃદયની બિમારી ધરાવતા બાળકો ૮૪, કિડનીની બિમારી ધરાવતા ૨૦ બાળકો, કેન્સરની બિમારી ધરાવતા ૭ બાળકો, થેલેસેમીયાની બિમારી ધરાવતા ૧૧ બાળકો, શરીરની સ્થૂળતા ધરાવતા ૯ બાળકો, શ્વસનતંત્રના રોગોથી પીડાતા ૪૦૧ બાળકો, માનસિક તનાવ ધરાવતા ૧૮ બાળકો સહિત વિવિધ બિમારી ધરાવતા ૨૧૦૩૫ બાળકો શોધી કાઢવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરને દબાણમુકત બનાવવા ૭મીથી અભિયાન

## સેકટરોમાંથી લારીગલ્લા તેમજ ઝુંપડાઓના દબાણો દુર કરાશે

ગાંધીનગર તા ૧

શહેરને સ્માર્ટ સીટી બનાવવાનુ શમણા સેવાઈ રહયા છે. ત્યારે સ્માર્ટ સીટીના નિર્માણ માટે નગરને લારી ગલ્લા અને ઝુંપડાના દબાણથી કાયમી મુક્ત કરવા અસરકારક પ્રોજેકટ અમલમાં મુકવાની અનિવાર્યતા છે. પાટનગર યોજના ભવન તેમજ દબાણ મામલતદારની ટીમ દ્વારા આગામી તા ૭ ડીસેમ્બરથી શહેરમાં દબાણ હટાવ અભિયાન હાથ ધરવામાં આવશે. જેમાં તમામ સેકટરમાં દબાણ દુર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

શહેરમાં દાયકાઓથી વણઉકેલ્યા પ્રશ્નોમાં રખડતા ઢોર, ગંદકી અને દિનપ્રતિદિન વધતા દબાણોની સમસ્યાએ અજગર ભરડો લીધો છે.

એકબાજુ શહેરને સ્માર્ટ સીટી બનાવવાની વાતો થાય છે. ત્યારે પાટનગરમાં જ દબાણ અને ગંદકીની સમસ્યા હઠીલી બની છે. દાયકાઓના અંતે પણ દબાણો દુર કરવા નાટકીય અભિયાન સિવાય કાંઈ વિશેષ થઈ શકયુ નથી. જયારે બીજીતરફ દબાણોની સંખ્યા વધતી જાય છે. શહેરના પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડીંગો જોવા મળે છે. જેના પરિણામે ટ્રાફિકને લગતી પણ અનેક સમસ્યાઓ સર્જાય છે. લારી ગલ્લાના વધતા દબાણોના લીધે ગંદકીનો પ્રશ્ન પણ હઠીલો બન્યો છે. સેકટરોમાં રહેણાંક વિસ્તારોમાં પણ ઝુંપડાઓના દબાણો વધી રહયા છે. ત્યારે શહેરને દબાણમુક્ત કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા શહેરમાંથી દબાણો દુર કરવા માટે મહાઅભિયાન હાથ ધરવામાં આવનાર છે. સુત્રોના જણાંવ્યા અનુસાર આગામી તા ૭ ડીસેમ્બરથી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવા માટે ટીમ કામે લાગશે આ માટે તમામ સેકટરોમાંથી ઈન્કવાયરી કચેરીનો સ્ટાફ પણ જોડાશે સેકટર મુજબ દબાણો દુર કરવા અભિયાન હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેકટર-૨૪ના કોમન પ્લોટમાં પડેલા ટેલીફોનના થાંભલાઓ સાપનુ દર બન્યા

## છેલ્લા એક દાયકાથી ખડકાયેલા બિનઉપયોગી થાંભલાઓ અનેક રજુઆતોના અંતે દુર કરાયા નથી

ગાંધીનગર તા ૧

શહેરના સે-૨૪ના કોમન પ્લોટમાં ટેલીફોનના પોલ્સ છેલ્લા એક દાયકાથી યથાવત સ્થિતિમાં પડી રહયા છે. આમ નાગરિકોની ફરિયાદોના નિરાકરણ માટે મંદ ગતિએ કામ કરતા બી એસ એન એલના તંત્રનો મિજાજ અહીં પણ છતો થાય છે. સેકટરવાસીઓએ આ અંગે અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. બીજીતરફ કોમન પ્લોટમાં નડતરરૂપ થતા આ બિનઉપયોગી પોલ્સમાં સાપ સહીતના જીવજંતુઓ ભરાઈ રહેતા સ્થાનિક રહીશોમાં ભય પ્રવર્તયો છે.



સેકટર-૨૪ માં દુવિધાઓનો કોઈ પાર નથી. પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે સ્થાનિક રહીશોએ ડગલે ને પગલે હાલાકી ભોગવવી પડે તેવી દહેશત છે. સેકટરમાં દબાણની સમસ્યા હજુ સુધી યથાવત છે. ત્યારે જવાબદાર તંત્ર પણ વિવિધ સમસ્યાઓ સામે આંખ આડા કાન કરતા સ્થાનિક રહીશો માટે દુવિધાઓનુ દંગલ ઉભુ થયુ છે. સેકટરોના કોમન પ્લોટમાં ગંદકી અને રખડતા ઢોરની સાથે હવે કાટમાળ પણ જોવા મળે છે. સેકટરના આદર્શ નગરમાં સ્થિત કોમન પ્લોટમાં છેલ્લા એક દાયકાથી ટેલીફોનના બિનઉપયોગી પોલ્સ હજુ પણ દુર કરાયા નથી. જેના પરિણામે સેકટરવાસીઓએ અડચણ સહન કરવી પડે છે. જયારે આ ટેલીફોનના પોલ્સમાં સાપ સહિતના જીવજંતુઓ ભરાઈ જતા સ્થાનિક રહીશોમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા પરમ પૂજ્ય બા **તારાબેન નાનાલાલ મર્ધા**નો સ્વર્ગવાસ તા. ૩૦/૧૧/૨૦૧૫ને સોમવારના રોજ થયેલ છે. સદગતના પવિત્ર આત્માની ચિરશાંતિ અર્થે **પ્રાર્થના - બેસણું તા.૩/૧૨/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦ દરમિયાન** રાખેલ છે.

સ્થળ : બ્રાહ્મણ સમાજની વાડી (કૂઈ) જહાનારા બાગ પાસે, ડેરી રોડ, પાલનપુર

નિવાસસ્થાન : મોટા બ્રાહ્મણવાસ, જૈન નાના દેરાસર પાસે, હનુમાન શેરી, પાલનપુર

લિ.

**જીતેન્દ્રકુમાર નાનાલાલ મર્ધા (પુત્ર)**

**સમસ્ત મર્ધા પરિવાર**

ફર્મ : જે. કે. બેટરી, ડીસા હાઈવે, પાલનપુર, બનાસકાંઠા

સંપર્ક : ૯૯૯૮૫૮૨૬૪૧ ● દુકાન : ૦૨૭૪૨-૨૫૨૯૯૨

### ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. હેમચંદ્ર થોરાત સાહેબ**

(નિવૃત્ત જિલ્લા રમત ગમત અધિકારી)

સ્થાપક : થોરાત હેમહેલ્થ સેન્ટર, સે.૨૭

સ્વ. તા. ૨-૧૨-૨૦૧૨

સદૈવ પ્રેરક, પ્રોત્સાહક, માર્ગદર્શક અને સહાયક એવા વાત્સલ્યમૂર્તિ, આત્મીય, સ્વજનસમા આપશ્રીને અમારી ભાવભીની શ્રદ્ધાંજલિ

**નયન હેમચંદ્ર થોરાત**

મો. ૯૪૨૮૦ ૪૭૫૨૭

બનાસડેરીના દાંતીવાડા અને ધાનેરાના બિનહરીફ ઉમેદવારોને
અભિનંદન
બનાસકાંઠા જીલ્લાની જીવાદોરી સમાન બનાસ ડેરીના પ્રતિષ્ઠા ભર્યા ચૂંટણી જંગમાં ધાનેરા મત વિભાગમાંથી જોઈતાભાઈ કસનાભાઈ પટેલ (ધારાસભ્ય) અને દાંતીવાડા મત વિભાગમાંથી પી. જે. ચૌધરીને બિનહરીફ ચૂંટણી આવવા બદલ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની આપણી પેનલ વિજેતા ઉમેદવારોને શુભેચ્છા પાઠવે છે

જોઈતાભાઈ કે પટેલ
ધાનેરા મત વિભાગ

પી. જે. ચૌધરી
દાંતીવાડા મત વિભાગ

શંકરભાઈ ચૌધરી
રાજ્યમંત્રી, ગુજરાત
રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની આપણી પેનલ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com